# પ્રથમ નોરતામાં ખેલૈયાઓના રંગમાં ભંગ પાડતો વરસાદ

## અરવલ્લીમાં વરસાદ પડતા નવરાત્રીના આયોજકો અને ખેલૈયાઓ મૂંઝવણમાં

મોડાસા, તા. ૨

અરવલ્લી જિલ્લામાં શ્રાદ્ધના છેલ્લા છેલ્લા દિવસોમાં બફારા સાથે આકરો તાપ પડ્યો હતો. પરંતુ શ્રાદ્ધ પતવાની સાથે જ પહેલા નોરતે મેહુલીયો પણ જાણે માતાજીના ચરણ પખાળવા આવ્યો હોય તેમ સમગ્ર જિલ્લામાં હળવો ઝાપટાથી માંડી ગાજવીજ સાથે વીજળીના કડાકા ભડાકા સાથે વરસાદ વરસ્યો હતો. વરસાદ પડતાની સાથે જ વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. પ્રથમ નોરતાના દિવસે જિલ્લામાં વાદળછાયા વાતાવરણ વચ્ચે રાત્રીના સમયે વરસાદ વરસતા નવરાત્રીના આયોજકો અને ખેલૈયાઓ મુંઝવણમાં મુકાઈ ગયા હતા. સતત બીજા દિવસ રવિવારે પણ વાદળછાયુ વાતાવરણ રહેતા ચિંતામાં ગરકાવ જિલ્લાવાસીઓ અને ભૂમિપુત્રો જણાયા હતા.

અરવલ્લી જિલ્લા સહિત મોડાસા શહેરમાં પ્રારંભ થતા નવરાત્રી પર્વેના પ્રથમ દિવસે જ મેઘરાજા ત્રાટકતા મોટા ગજાના આયોજકો દોડતા થઈ ગયા છે. શહેર તથા તાલુકા વિસ્તારોમાં શેરીઓ સહિતના ગ્રામ્ય વિસ્તારના મેદાનોમાં કાદવકિચડનું સામ્રાજ્ય ફેલાતા આયોજકો અને ખેલૈયાઓમાં નિરાશા વ્યાપી ગઈ છે. શનિવારે પ્રથમ નોરતે વાતાવરણમાં અચાનક પલ્ટો આવ્યા બાદ પવિત્ર નવરાત્રીના પ્રથમ દિને જ વરસાદી ઝાપટા પડતા તેમજ જિલ્લાના અનેક વિસ્તારોમાં રાત્રીના સમયે ગાજવીજ સાથે ભારે વરસાદ ખાબક્યો હતો. જિલ્લામાં નવરાત્રીના શુભ મુહૂર્તમાં અલગ-અલગ નવરાત્રીમાં શહેરના તેમજ ગ્રામ્ય વિસ્તારના અગ્રણી ઓ અને અધિકારીઓ દ્વારા દિપ પ્રાગટ્ય કરી નવરાત્રીનો વિધિવત પ્રારંભ કરી ખુલ્લી મુકવામાં આવી હતી. નવરાત્રીના આયોજકોએ ચાલુ વરસાદે પણ ઉરી આતંકવાદી હુમલામાં ભોગ બનેલા ૧૮ શહીદ જવાનોને શ્રદ્ધાંજલિ અર્પવા મૌન પાડવાનું ચૂક્યા ન હતા. જિલ્લાના અમુક જગ્યાએ તો ભારે વાવાઝોડા સાથે વરસાદ ખાબકતા નવરાત્રીના મંડપ તુટી જવાના બનાવો બન્યા હતા. પ્રથમ નોરતે કેટલીક જગ્યાએ વરસાદ બાદ ખેલૈયાઓએ નવરાત્રીના રંગે-ચંગેના માહોલમાં વરસાદી વિઘ્નને અવગણી માતાના ગરબા રમ્યા હતા. રવિવારે બીજી નવરાત્રીએ પણ વાદળછાયા વાતાવરણથી આયોજકો અને ખેલૈયાઓનો ઉત્સાહ અને ઉમંગ વચ્ચે વરસાદી ઝાપટા વિઘ્ન તો નહિ બને ને તેની ચિંતામાં ઘરકાવ થઈ ગયા હતા.









ડીસા શહેરમાં ગાંધી જયંતિ નિમિત્તે નગરપાલિકા દ્વારા મુખ્ય રસ્તાઓની સફાઈ હાથ ધરવામાં આવી હતી. જો કે શહેરના ઘણા વિસ્તારો કચરા અને ગંદકીથી ખદબદી રહ્યા છે. જેમાં ડીસા શહેર પોલીસ મથકની બાજુમાં જ પારાવાર ગંદકીથી વેપારીઓ ત્રાહિમામ છે. શહેરના ઘણા વિસ્તારોમાં આનાથીય બદતર હાલત છે. ત્યારે સફાઈ અભિયાન માત્ર ફોટોશુટ કે પ્રસિધ્ધ માટે નહી પરંતુ નક્કર કાર્યવાહી કરાશે તેમજ ગાંધી બાપુનો ઉદ્દેશ્ય સાર્થક થશે.

### સ્વચ્છતાના રૂપાલા સૂત્રો વચ્ચે

# મોડાસા શહેરમાં સરકારી બંગ્લોઝ અને સરકારી વસાહતની નજીક ત્રાસદાયક ગંદકી

મોડાસા, તા. ૨

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં સ્વચ્છતા અભિયાન જોરશોરથી ચાલી રહ્યું હોવા છતાં જેની કોઈ અસર શહેરના માલપુર રોડ પર આવેલા સરકારી અધિકારીઓના બંગ્લોઝ અને સરકારી વસાહત, નગરપાલિકાના બગીચાની બાજુમાં તેમજ અનેક વિસ્તારોમાં ઠેર ઠેર ગંદકીના ઢગલાઓ જોવા મળી રહ્ય છે.

મોડાસા શહેરમાં ૨જી ઓક્ટોબર ગાંધી જયંતિને ધ્યાનમાં રાખીને સાફ સફાઈ અને ગંદકી દૂર કરવાના કામોમાં નગરપાલિકા તંત્ર ઊણુ ઉતર્યુ હોય તેમ તેમ ગંદકીના ખડકલા જોવા મળી રહ્યા છે. સ્વચ્છતા અભિયાનના લીરેલીરા ઉડતા હોય તેમ નગરના માલપુર રોડ, મેઘરજ રોડ તેમજ સરકારી બંગ્લોઝ અને સરકારી વસાહતો તેમજ માર્ગોની બાજુમાં ઝાડપાનના ડાળખાઓ, ઝાંડી-જાંખરા સહિતના કચરાના ઢગલા ઠેર ઠેર જોવા મળે છે. ગંદકીના ઢગલાઓથી મચ્છરોનો ઉપદ્રવ વધી ગયો છે. નગરપાલિકાના ઉદાસીનતાના પગલે મચ્છરજન્ય રોગચળાએ હાહાકાર મચાવી દીધો છે. શહેરના કેટલાક વિસ્તારોમાં ખુલ્લામાં વહેતા પાણીનો ભરાઈ રહેતા કાદવ-કિચડના લીધે ફેલાયેલી ગંદકી જેમની તેમ રહી છે. સ્વચ્છતા અપનાવવા સમગ્ર રાજ્યમાં ડંકા વાગી રહ્યા છે. અધિકારીઓ પણ સ્વચ્છતા પર ભાર મુકી રહ્યા છે. ત્યારે નગરપાલિકા તંત્ર કે જવાબદાર અધિકારીઓ સ્વચ્છતા અભિયાનને નજર અંદાજ કરી રહ્યા હોય તેમ શહેરના કેટલાક વિસ્તારોમાં દેખાવપૂર્તિ કાર્યવાહિ કરી રહ્યા હોય તેવો નજારો શહેરનો જોવા મળી રહ્યો છે. માલપુર રોડ પર આવેલા જિલ્લા ન્યાયાધિશ નિવાસ સ્થાનની બાજુમાં જ ગંદકીના ઢગલાઓનો ખડકલો તેમજ સરકારી વસાહતની આગળની બાજુએ ગંદકીના ઢગલાઓ જોવા મળી રહ્યા હોય તો નગરમાં વસવાટ કરતા આમ આદમીની સોસાયટીના કોમનપ્લોટ કે જાહેર સ્થળોએ નગરપાલિકા દ્વારા સ્વચ્છતાની આશા ઠગારી નીવડી શકે છે.





# ભિલોડા પંથકમાં પહેલા નોરતે મેઘરાજાની સર્જિકલ સ્ટ્રાઈક

ભિલોડા.તા.૨

ભિલોડા પંથકમાં અસહ્ય ઉકળાટ, બાફભર્યો માહોલ સર્જાયા બાદ નવલી નવરાત્રીના પ્રથમ દિવસે ગતરાત્રે વીજળીના કડાકા-ભડાકા અને મેઘગર્જના પછી પવન ફુકાયા બાદ ભારે વરસાદનું ઝાપટુ આવતા નવરાત્રી મંડળના આયોજકો, ખેલૈયાઓ મુંઝવણમાં મુંકાયા હતા. આજે બીજા નોરતાના દિવસે પણ વરસાદનું હળવું ઝાપટું આવ્યું હતું. ભિલોડા પંથકમાં ગત રાત્રે પાછોતરા વરસાદનું ભારે ઝાપટુ આવતા ખેડુતોને સામાન્યપણે ખેતીમાં નુકશાન સહન કરવાનો વારો આવ્યો હોવાનું આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે. ભિલોડામાં ઠેર-ઠેર વરસાદી પાણી ગત રાત્રે ખાડા-ખાબોચીયાઓમાં ભરાયા બાદ વરસાદી પાણી વહેતા થયા હતા. ભિલોડા પંથકમાં ક્યાંક ધીમી ધારે ક્યાંક ઝરમર-ઝરમર વરસાદ ખાબક્યો હતો.

જ્યોતિષશાસ્ત્ર મુજબ દશેરા સુધી હળવાથી ભારે વરસાદની સંભાવના હોવાનું જાણવા મળેલ છે. પાછોતરા વરસાદના કારણે ખરીફ પાક અને ઘાસચારાના પાકને વરસાદ ફાયદાકારક નીવડશે પરંતુ મહંદ્ અંશે ખેતી માટે નુકશાન થાય તેવી ભીતી ખેડુતો સેવી રહ્યા છે. ભિલોડા પંથકમાં અસહ્ય બાફ અને ઉકળાટ ભર્યા માહોલ વચ્ચે ગત રાત્રે ભારે વરસાદ ઝાપટું આવતા વાતાવરણમાં આહાલાદ્ક ઠંડક પ્રસરી હતી.



## ડીસા રેલ્વે સ્ટેશન વિસ્તારમાં રાસ ગરબાની રમઝટ

ડીસામાં ઝરમરીયા વરસાદ સાથે જ નવલી નવરાત્રીનો પ્રારંભ થઈ ચુક્યો છે. શહેરના તમામ વિસ્તોરમાં નાના મોટા ગરબાના આયોજન થયા છે. ત્યારે રેલ્વે સ્ટેશન વિશ્વકર્મા નગરમાં પણ દર વર્ષની જેમ આ વર્ષે પણ ધામધુમ પૂર્વક નવરાત્રીનું આયોજન કરાયું છે. પ્રથમ દિવસે આદ્યશક્તિ મા જગદંબાની મહાઆરતી કર્યા બાદ ખેલૈયાઓએ રાસ ગરબાની રમઝટ બોલાવી હતી. આ વિસ્તારના કોર્પોરેટર રવિભાઈ રાણાએ માતાજીની આરતી ઉતારી હતી. પ્રસાદ તેમજ અન્ય સુવિધા પણ આપવામાં આવી હતી. રેલ્વે સ્ટેશનના અન્ય વિસ્તારોમાં પણ માતાજીના ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે.

# મોડાસાના મરડીયા પાટીયા નજીક કાર રીક્ષા વચ્ચે અકસ્માત

મોડાસા, તા. ૨

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના શામળાજી-ગોધરા રાજ્ય ધોરીમાર્ગ પર આવેલા મરડીયા પાટીયા નજીક કાર અને પેસેન્જર રીક્ષા વચ્ચે અકસ્માત સર્જાતા અફડાતફડી મચી ગઈ હતી.

રીક્ષામાં મુસાફરી કરી રહેલા પાંચ મુસાફરોને શરીરે ઈજાઓ પહોંચતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ તાબડતોડ ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ દ્વારા મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડ્યા હતા. જેમાંથી ૨ ઈજાગ્રસ્તોની હાલત ગંભીર હોવાનું જાણવા મળ્યું હતું.

# અરવલ્લીમાં ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેનાની વ્યસનમુક્તિ રેલી યોજાઈ

મોડાસા, તા. ૨

ગુજરાત ક્ષત્રિય ઠાકોર સેના આયોજીત ૯ નવેમ્બર ગાંધીનગર ઉપવાસ આંદોલન સાથે વિધાનસભા ઘેરાવો કરી દારૂબંધી માટે કડક કાયદો બનાવવાના અનુસંધાને તેમજ દારૂબંધીનો જિલ્લામાં કડક દારૂબંધીનો કાયદો છે. પણ અમલ શૂન્ય બરાબર છે. ગામેગામ દારૂના પીઠા અને સ્ટેન્ડ ધમધમે છે. જેમાંથી અરવલ્લી જિલ્લો પણ બાકાત નથી. દારૂ-જુગારના ધંધાર્થીઓનું હપ્તારાજ વિજીલન્સ-ગાંધીનગર સુધી સેટીંગ હોવાનું ચર્ચામાં રહ્યું છે. આ વ્યસનમુક્તિ કાર્યક્રમ અંતર્ગત બાઈકરેલીનું આયોજન કરવામાં આવ્યુ હતુ. રેલીમાં ૩૦૦થી વધુ બાઈકો અને ૨૦થી વધુ મોટા વાહનો પર સવાર થઈ વ્યસન મુક્તિ અંતર્ગત જાગૃતિ લાવવાનો પ્રયાસ હાથ ધર્યો હતો.



ગાંધીજીના ગુજરાતમાં અમલ થાય, રોજગારીની તક મળે, શિક્ષણનું ખાનગીકરણ, વેપારીકરણ ન થાય તથા ખેડૂતોને પર્યાપ્ત માત્રામાં સિંચાઈનો પાણી પુરવઠો મળી રહે તેવી માંગ સાથે મહારેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ક્ષત્રિય ઠાકોર સેના ગુજરાતની રેલીમાં ૩૦૦થી વધુ બાઈક સવારો અને ૨૦થી વધુ મોટા વાહનો સાથે યુવાનો જોડાયા હતા. વાસ્તવિકતાથી ક્ષત્રિયો પણ વાજ આવી ગયા છે. જેઓએ દારૂબંધી કરીને જ જંપવા નિર્ધાર કરી વ્યસનના ખપ્પરમાં હોમાતા સમાજના યુવાનોમાં જાગૃતતા લાવવા ગામે-ગામ સભાઓ અને બાઈક રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. મોડાસા શહેરના રાણાસૈયદ વિસ્તારમાં ઠાકોર સમાજના યુવાનો એકઠા થઈ ગુજરાત ક્ષત્રીય ઠાકોર સેના અરવલ્લીના ઉપક્રમે આ રેલીમાં અરવલ્લી જિલ્લા ક્ષત્રિય ઠાકોર સેનાના પ્રમુખ સંજયજી ઠાકોર, ઉપપ્રમુખ ગુજરાત પ્રદેશ રમેશજી ઠાકોર, પ્રભારી અરવલ્લી જિલ્લાના ચકાજી ઠાકોર, ગુજરાત પ્રદેશ કાર્યાલય મંત્રી ભરતજી ઠાકોર, જગદીશસીંહ ઠાકોર, વિનોદસીંહ ઠાકોર, રોહીતસીંહ ઠાકોર સહિતના હોદ્દેદારો તથા સેંકડો કાર્યકરો બાઈક સાથે રેલીમાં જોડાયા હતા.



ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિદ્યાશાખા, સાદરાની ગાંધીજયંતિ ગ્રામજીવન પદયાત્રા સતલાસણા તાલુકા પ્રાથમિક શાળામાં પહોંચી હતી, જ્યાં ગાંધી જયંતિની ઉજવણી હાથ ધરવામાં આવી હતી. પદયાત્રા માર્ગદર્શક અધ્યાપક રમેશભાઈ પટેલે પ્રાર્થના સભામાં એકાદશ વ્રત, રચનાત્મક કાર્યક્રમો, દક્ષિણ આફ્રિકાનાં આંદોલન, મીઠાનો સત્યાગ્રહ, ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના વિષયક સુંદર વાર્તાલાપ કર્યો હતો. ૧૨ પદયાત્રીઓએ શાળાનાં બાળકોને સ્વદેશી રમતો રમાડી હતી. સરપંચ ઈશ્વરભાઈ રબારીએ ગાંધીજીવન અંગે વાર્તાલાપ કર્યો હતો. આભારદર્શન આચાર્યા મધુકાન્તાબેન રાવલે કર્યું હતું, સભા સંચાલન પદયાત્રી ધરમસિંગ વસાવાએ કર્યું હતું.

# ઘડી ગામે સ્વચ્છતા અને સામાજિક સમરસતા સપ્તાહની ઉજવણી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના ઘડી ખાતે સ્વચ્છતા અને સામાજિક સમરસતા સપ્તાહની ઉજવણીનું સમાપન સાબરકાંઠા પ્રભારી અને વાહન વ્યવહાર મંત્રી વલ્લભભાઈ કાકડીયા દ્વારા કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ તાલુકાના ઘડી ખાતે સ્વચ્છતા અને સામાજિક સમરસતા સપ્તાહની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં વિદ્યાર્થીઓ દ્વારા સ્વચ્છતા અંગેના કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા અને મંત્રી સહિત ઉપસ્થિત મહેમાનો ગ્રામજનોને સ્વચ્છતાના શપથ લેવડાવ્યા હતા જ્યારે આ પ્રસંગે રાજ્યકક્ષાના મંત્રી વલ્લભભાઈ કાકડીયા, સાંસદ દિપસિંહ રાઠોડ, પૂર્વ શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણ, જિલ્લા કલેક્ટર પી. સ્વરૂપ, જિલ્લા પોલીસ વડા પ્રવિણમાલ સહિત જિલ્લાના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જ્યારે સાબરકાંઠા જિલ્લાની શાળાઓને સ્વચ્છ વિદ્યાલય પુરસ્કાર આપવામાં આવ્યો હતો. જેમાં પ્રથમ નંબર નવાબાકરપુર પ્રા. શાળાનો આવ્યો હતો અને શાળાના આચાર્ય રાવલ તપેન્દ્રભાઈ મંગળદાસને ઉપસ્થિત મંત્રી દ્વારા દશ હજારનો ચેક અને સર્ટી આપવામાં આવ્યુ હતુ. જ્યારે બીજો, ત્રીજો અને ચોથો રોદરા પ્રા. શાળા ખેડબ્રહ્મા, ચાંપલાનાર પ્રા. શાળા, કરણપુર પ્રા. શાળા હિંમતનગર શાળાનો આવ્યો હતો. જ્યારે વિદ્યાર્થીઓને મેડલ અને સફાઈ કામદારોને પણ શાલ ઓઢાડીને સન્માનિત કરવામાં આવ્યા હતા. મંત્રીએ પણ જાડુ પકડીને સફાઈ અભિયાનમાં જોડાયા હતા. આભારવિધિ પ્રાંતિજ-તલોદના પ્રાંન્ત અધિકારી એ.આર. ચૌધરી દ્વારા કરવામાં આવી હતી.